ગાંધીનગર સમાચાર
તા. ૨-૫-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### રાહુલ ગાંધીની કિસાનયાત્રા

અંગત રીતે રાહુલ ગાંધી સામે ભાગ્યે જ કોઇ વાંધાજનક મુદ્દો મળી શકે એમ છે. એમણે જવાબદારી કે હોદ્દા સ્વીકારવામાં કરેલી આનાકાનીમાં પણ સૌજન્યશીલ વિવેક જ જોઇ શકાય એમ છે. વાંક દેખાઓને એમાં રાહુલની પલાયનવૃત્તિનાં દર્શન થતાં રહ્યાં છે. પણ સમગ્ર વ્યક્તિત્વની દૃષ્ટિએ રાહુલ ગાંધી વિશે જે નકારાત્મક અભિપ્રાય બંધાયો છે તે મહદંશે મોદી અને મીડિયાની 'મિલીભગત' છે એટલું તારણ અવશ્ય કાઢી શકાય. વિપશ્યના કે અન્ય હેતુસર બરાબર સંસદ સત્ર દરમિયાન જ એમની સતત ગેરહાજરીને કારણે એમની છાપ એક બેજવાબદાર નેતા તરીકે ઊપસી હતી, જેને સુધારવા માટે સોનિયા ગાંધીનું આક્રમણ રુખ પણ કામિયાબ ન જ રહે તે સમજી શકાય એમ છે. પાછાં ફર્યાં પછી રામલીલા મેદાનમાં કિસાન સંમેલન યોજી જમીન સંપાદન બિલ મુદ્દે મોદી સરકારને આંતરવાની તક મળી તે પણ એમનાં ટૂંકા અને પ્રભાવહીન પ્રવચનને કારણે વેડફાઇ ગઇ હતી. કિસાન રેલીમાં સોનિયા ગાંધી વધુ પ્રભાવક પુરવાર થતાં હતા. પરંતુ રાહુલ માટે હવે પાછું વાળીને જોવાનો વખત જ નથી રહ્યો. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ એમની નેતૃત્વ ક્ષમતા વિશે અને યુવાનોને આગળ વધવાની ઉતાવળ બાબતે વિરોધી સૂર કાઢતા રહ્યા છે, તેમ છતાં નહેરુ-ગાંધી પરિવારના આશ્રય વગર કોંગ્રેસ કે કોંગ્રેસીઓનું વજૂદ જ નથી રહ્યું એ પણ એક કરુણ વાસ્તવિકતા છે. તેથી હવે સોનિયાનંદન રાહુલને આગળ કર્યો જ છૂટકો છે. બહુ બહુ તો એમના વિકલ્પે કે સાથી-સહાયોગી તરીકે પ્રિયંકાને જોતરવાની ચેષ્ઠા કે માગણી કરી શકે, એથી વિશેષ કંઇ નહીં. રાહુલ પર સોનિયા ગાંધીના ચારે હાથ છે. આયોજનપૂર્વક મોદી સરકારને કિસાનોના મુદ્દે ઘેરી શકાય એવી શક્યતાનો જેટલો લાભ ઉઠાવી શકાય એટલો ઉઠાવવા કોંગ્રેસ કૃતનિશ્ચય છે. મોદીને માલેતુજારોના ગોઠિયા અને પોઠિયા તરીકે બદનામ કરીને કોંગ્રેસને બેઠી કરવાના પ્રયાસમાં કેટલી સફળતા સાંપડશે તે પ્રશ્ન જ છે, કારણ કે પ્રજાને એના દીર્ઘ શાસનનો પૂરતો અનુભવ છે. કિસાનોની આત્મહત્યાનો પ્રશ્ન અલબત્ત ઘણો સંવેદનશીલ છે અને ગમે તેવી પ્રચંડ બહુમતી ધરાવતી સરકાર માટે પણ એ લાંબા ગાળે ઘાતક પુરવાર થઇ શકે એવો છે, પરંતુ ભાજપ પાસે રાષ્ટ્રીય સેવક સંઘ જેવા સંનિષ્ઠ સંગઠનનું સમર્થન છે, જેની કિસાન પાંખ (કિસાન સંઘ) સક્રિય બને તો કોંગ્રેસ કે પ્રાદેશિક પાર્ટીઓના શાસનકાળમાં કિસાનોની થયેલી દુર્દશાની કરુણ દાસ્તાન વિશેનાં આંકડા રજૂ કરી રાહુલ ગાંધીને મૂંઝવણમાં મૂકી શકે એમ છે. તેમ છતાં, કિસાન આ દેશની કરોડરજ્જુ છે અને મોદી સરકાર ઉદ્યોગપતિઓની સરકાર છે, એ હરગિજ ખેડૂત-મજદૂરની દરકાર નથી કરતી, એ મુદ્દો રાહુલ ગાંધીને હાલ પૂરતો તો ફળી રહ્યો હોય એમ લાગે છે. એક યુવરાજ એનાં અંગત સુખવૈભવ ત્યજી વૈશાખી તડકામાં પંજાબથી વિદર્ભની ગામડાં તરફ જતી પગદંડીઓ પગપાળા ખૂંદતો ફરે, એ જ શું આ દેશની વ્યક્તિકેન્દ્રી - વીર પૂજક પ્રજા માટે આશાસ્પદ નિશાની નથી?

# રવિવારે 'મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો'નું વાચકાર્પણ

### પ્રા. ડો. ભદ્રાયુ વછરાજાની લિખિત ગુજરાતના વિરલ માનવરત્નોનું જીવન ચરિત્ર : ડો. ગુણવંત શાહ અને ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્યના ઘણા વ્યક્તિત્વો એવા છે જેમના વિશેષ પ્રદાનની ઈતિહાસ પણ નોંધ લેશે. આવા વિરલ અને મુઠ્ઠી ઊંચેરા સો માનવ રત્નોનું જાણીતા ઓજસ્વી શિક્ષણકાર પ્રા. ડૉ. ભદ્રાયુ વછરાજાની દ્વારા જીવન ચરિત્ર લેખાંકન કરાયું છે. જેનું તા. ૩જી મે રવિવારે સવારે ૧૦.૩૦ વાગે નારણપુરામાં ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ ખાતે વાચકાર્પણ યોજાશે. આ પ્રસંગે જાણીતા ચિંતક લેખક ગુણવંત શાહ અને ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે.

પ્રેરણાત્મક જીવન ચરિત્રો માટે મોટે ભાગે વિદેશી વિભૂતિઓની સ્ટોરીઝ પ્રચલિત છે પરંતુ આપણી આસપાસ આવા જ અનેક મુઠ્ઠી ઊંચેરા માનવરત્નો વસી રહ્યા હોય છે જેની આપણે અવગણના કરતા હોઈએ છીએ. પ્રા. ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ ગુજરાતના સો વિરલ વ્યક્તિઓ સાથે અંતરંગ દીર્ઘ સંવાદ સાધી તેમના જીવનચરિત્ર વિશે 'મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવ રત્નો'ના નામે ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથનું વાચકો માટે લોકાર્પણ રવિવારે કરાશે જે અનેક વાચકોને પ્રેરણારૂપ બની રહેશે.

## હરિની દૃષ્ટિ...




ગયો હતો... આપણને ખેતી શીખવે અને મહોત્સવ એ લોકો કરે...!!

### દેના ગુજરાત ગ્રામીણ બેંકની શાખા હવે ચૌધરી કોલેજ કેમ્પસમાં

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સેક્ટર-૭માં બ્લોક નં. ૭/૨, ચ-ટાઈપ ખાતે કાર્યરત દેના ગુજરાત ગ્રામીણ બેંકની ગાંધીનગર શાખા તા. ૪થી મે થી નવા સરનામે કાર્યરત થઈ રહી છે. સે. ૭-ડીમાં ચૌધરી કોલેજ કેમ્પસમાં સોમવારથી કાર્યરત થશે જેની નોંધ લેવા તમામ ગ્રાહકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગુજરાતના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ-સહાયતા

ભારત સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૭,૯૧૦.૪૧ કરોડની શિષ્યવૃતિ ચૂકવવામાં આવી છે. કુલ ૧૯૧.૨૦ કરોડની રકમ ગુજરાતના અને ૩૮.૨૦ કરોડની રકમ ઝારખંડના વિદ્યાર્થીઓને ચૂકવાઈ છે. કેન્દ્રીય સામાજિક ન્યાય-અધિકારિતા રાજયમંત્રી વિજય સંપલાએ રાજયસભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાણકારી આપી હતી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દેશના પછાત જિલ્લાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ સહિતના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે પાંચ યોજનાઓ અમલમાં છે. આ કેન્દ્ર સરકારન પુરસ્કૃત યોજનાઓમાં પોસ્ટ-મેટ્રીક સ્કોલશીપ સ્કીમ, ધોરણ ૯ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક સ્કોલશીપ, સફાઈ અને આરોગ્ય માટે જોખમી વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોના બાળકો માટે પ્રિ-મેટ્રીક સ્કોસશીપ, બાબુ જગજીવનરામ છાત્રાવાસ યોજના અને અનુસૂચિત વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારણાને સમાવેશ થાય છે. મંત્રીએ સદનમાં પ્રસ્તુત કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના અપાયેલી ૫,૭૭૧.૫૨ કરોડની પોસ્ટ-મેટ્રીક સ્કોલશીપ યોજનાની સહાય પૈકી ૧૪૭.૯૯ કરોડ ગુજરાતમાં, ૨૩.૧૭ કરોડ ઝારખંડમાં ચૂકવાયા છે. પ્રિ.મેટ્રીક સ્કોલશીપ યોજના હેઠળ ધો.૯ અને ધો.૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકાર તરફથી ચૂકવાયેલી કુલ ૧,૯૯૧.૯૩ કરોડની સહાય પૈકી ૨૩.૫૬ કરોડ ગુજરાતમાં અને ૧૨.૦૩ કરોડ ઝારખંડ ચૂકવાયા છે. બાબુ જગજીવનરામ છાત્રાવાસ યોજના અંતર્ગત ૨.૫૫ કરોડ ગુજરાતમાં અને ૨ કરોડ ઝારખંડમાં કન્યા છાત્રાલયોના નિર્માણ માટે, જ્યારે અનુક્રમે ૪.૦૯ કરોડ અને ૧ કરોડ ગુજરાત અને ઝાકખંડને કુમાર છાત્રાલયોના નિર્માણ માટે અપાયા છે.

# ચૈતન્ય સ્કૂલ ગાંધીનગર ખાતે વિશ્વ પુસ્તક દિનની ભવ્ય ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧

શ્રી વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચૈતન્ય સ્કૂલ લેકાવાડા ગાંધીનગર ખાતે તારીખ ૨૩, ૨૪, ૨૫ એપ્રિલ-૨૦૧૫ના ત્રણ દિવસીય વિશ્વ પુસ્તક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પુસ્તક દિનનો હેતુ યુવાનોમાં પુસ્તક માટે જાગૃતતા અને વાંચનની ટેવ વિકસાવવા યુનેસ્કો દ્વારા નિયુક્ત કરેલ છે જે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આજરોજ આંતર-વર્ગીય ભાષાકીય સ્પર્ધા યોજીને આ દિવસને ઉજાગર કરવામાં આવ્યો હતો. જેમાં શબ્દભંડોળ, વાંચન અને લેખન કૌશલ્ય કેળવવામાં આવ્યું હતું અને ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક સમીક્ષા કરવામાં આવી હતી.

ચૈતન્ય શાળાની 'શ્રીમતી પદ્મા મોટવાની પુસ્તકાલય' જે ગાંધીનગરની અન્ય શાળાની પુસ્તકાલયની સરખામણીમાં ખુબ વિકસેલ છે. જેમાં આધુનિક પદ્ધતિ અને વિશાળ પુસ્તકોનો સંગ્રહ છે. પુસ્તકાલયમાં પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પુસ્તકાલય પ્રબંધ પ્રથા વિશે જાણી શકે અને વિદ્યાર્થીઓ તેનાં ઉપયોગ કરવામાં આવતી આધુનિક પદ્ધતિ વિશે જાણી શકે જેમકે (RFID) કિરણોત્સર્ગી ઓળખ પદ્ધતિ (ISBN) આંતર રાષ્ટ્રીય માનક પુસ્તક સંખ્યા અને (DDC) મેલ્વીલ ડ્યૂઈની દશાંશ વર્ગીકરણ પદ્ધતિ આ વિશ્વ પુસ્તક દિને વિદ્યાર્થીઓએ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી અને આધુનિક પ્રક્રિયા પદ્ધતિથી ઉજાગર કરાવ્યા હતા. ચૈતન્ય સ્કૂલના ડાયરેક્ટર શ્રીમતી ઈલિઝાબેથ કોશીએ આ પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કર્યુ હતુ. તથા શાળાના ટ્રસ્ટી શ્રીમતી નલીની સુબ્બારાવ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ ત્રણ દિવસીય ભવ્ય પુસ્તક મેળાનો શાળાના વાલીઓ અને વિદ્યાર્થીઓએ લાભ લીધો.



### સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ભોજલરામ બાપાની જન્મજયંતિ ઉજવશે

ગાંધીનગર, તા.૧

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ગાંધીનગર દ્વારા શ્રી ભોજલરામ બાપાની ૨૩૦મી જન્મજયંતિ ધામધૂમથી મનાવવામાં આવશે. આગામી ૪ થી મે, વૈશાખ સુદ-૧૫ સોમવારે જન્મદિવસ ઉજવાશે.

જન્મજયંતિ નિમિત્તે જુનિયર સિટિઝન કાઉન્સિલ અને રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા રકતદાન કેમ્પ તેમજ સમાજના ડેન્ટીસ્ટ ડોકટરો દ્વારા ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ ગાંધીનગર સે-૭ સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ખાતે યોજાશે.

# હીરામણી શાળા દ્વારા જ્ઞાનસેતુ અંતર્ગત શૈક્ષણિક ચીજ વસ્તુઓનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧

અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓનું સશકિતકરણ અને બાળકોની ગુણવત્તામાં અભિવૃદ્ધિ થાય તે માટે જ્ઞાનસેતુ પ્રોજેકટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ શૈક્ષણિક ચીજવસ્તુઓ એકત્રીત કરવામાં આવી રહી છે.

આ જ્ઞાનસેતુ પ્રોજેકટ અંતર્ગત હીરામણી સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ઉમદા કામમાં ઉત્સાહભેર સહયોગ આપીને કપડા, બુટ ચંપલ, પુસ્તકો, નોટબુક, ચોપડા, સ્કુલબેગ, કંપાસ, લંચ બોક્ષ સહિતની અને શૈક્ષણિક ઉપયોગમાં લેવાતી ચીજ વસ્તુઓ એકઠી કરવામાં આવી હતી અને સરકારી પ્રાથમિક શાળાઓમાં જરૂરીયાતમંદ બાળકોને વપરાશમાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ વસ્તુઓને જિલ્લા પંચાયતના અધિકારીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે હીરામણી સ્કુલના પ્રમુખ નરહરિ અમીન, નીતાબેન અમીન, સેક્રેટરી આર.સી. પટેલ, સહમંત્રી, પંકજભાઈ દેસાઈ, ટ્રસ્ટી રાજકુમાર ગુપ્તા, ડૉ. અંબુભાઈ પટેલ, આશિષ મહેતા, આચાર્યા નીતા શર્મા, આશા નાયક, તાનીબેન શાહ, કોષાબેન પટેલ, ભગવતભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતાં.

# ગાંધીનગરમાં રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે પુસ્તકોના આદાનપ્રદાનના સેતુ રૂપ પુસ્તક પરબનો કાર્યક્રમ છેલ્લા સવા વર્ષથી યોજાય છે. તા. ૦૩/૦૫/૨૦૧૫ રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન ઘ ૪ સર્કલ, ઉધોગ ભવન પાસે, ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાનાર છે.

માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે અને આત્મનૂ ફાઉન્ડેશનના સહયોગમાં આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, સારાં પુસ્તકો, સારા સાહિત્યનો સમાજમાં પ્રસાર થાય, વિદ્યાર્થીઓ યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે એવા ઉમદા હેતુથી પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતભરમાં વિવિધ કેન્દ્રો ખાતે આ કાર્યક્રમ યોજાય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક તથા બે સામયિક વિના મૂલ્યે ભેટમાં વાંચવા લઈ જઈ શકે છે. પુસ્તક પરબ પુસ્તકોના આદાનપ્રદાન માટે ઉપયોગી સેતુ સાબિત થઈ રહેલ છે. ગાંધીનગરના ઘણા મહાનુભાવો પુસ્તક પરબ માટે પુસ્તકો દાનમાં આપીને આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી રહ્યાં છે. પ્રતિ માસ લગભગ ૧૦૦ ઉપરાંત વ્યક્તિઓ મુલાકાત લઈ અંદાજે ૨૫૦ ઉપરાંત પુસતકોનું આદાન પ્રદાન કરે છે.

આ પુસ્તક પરબનો લાભ લેવા પરબના સહયોગીઓ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, આશાબેન સરવૈયા, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાટ, ઘૂર્જટીભાઈ પ્રજાપતિ, બાબુભાઈ પરમાર વગેરે મિત્રો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

# કોઈને મદદ કરવાની સ્થિતિમાં હોવું એ માનવીને ઈશ્વર તરફથી મળેલું મોટું સન્માન છે

## અદબ પલાઠી મોં પર આંગળી
**- ડો. સંતોષ દેવકર**

અમેરિકાના એક યુવાને પોતાની દીકરીના જન્મ નિમિત્તે એક ટ્રસ્ટ શરું કર્યું. દીકરી એક વર્ષની થઇ ત્યારે તેણે દીકરીને સંબોધીને પત્ર લખ્યો.

તારા રુપે ઈશ્વરે અમને એક વરદાન આપ્યું છે. તારી સાથે એક આદર્શ ઊભો થાય તેવી રીતે જીવવાનો અમે પ્રયત્ન કરીશું. હું બહું શ્રીમંત નથી. મારી પાસે મોટી બચત પણ નથી. છતાં મેં મારી કોર્પોરેટ જોબ છોડી સાદું જીવન અપનાવ્યું છે. બને તેટલી સંપત્તિ અને શક્તિ ભલાઇના કામમાં વાપરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી હું ખુબ જ સુખ અને શાંતિનો અનુભવ કરું છું. મારું જીવન સાર્થક થતું હોય તેમ લાગે છે.

કોલાહલ અને ભાગદોડથી ભરેલા આ વિશ્વમાં કેટલાય લોકો એવા છે જે જીવન જરૂરિયાતની જરુરી ચીજવસ્તુઓ મેળવી શક્યા નથી. અહીં અભાવ અને વંચિતતાથી પીડાતા અનેક લોકો છે.

દીકરી, હું માનું છું કે તેઓ આપણાં જ ભાઇ-બહેનો છે. તેમનું દુ:ખ શું આપણું દુ:ખ નથી? આપણી પાસે જો થોડું વધારે હોય તો આપણે તેમને મદદ ન કરવી જોઇએ?

જીવનમાં માનવી ધન અને પ્રતિષ્ઠા જે કાંઇ મેળવે છે. તેનો કોઇ ઉપયોગ નથી તેવું હું નથી કહેતો, પણ આ બધું વ્યક્તિની સાથે નથી જઇ શકતું. જીવનના અંતે માનવી સાથે એ સંતોષ જ રહે છે જે તેણે લોકોના હૃદયમાં ઝંકૃત કર્યો છે. લોકોને ખરા દિલથી મદદ કરી છે. તેથી જ હું એવું માનું છું કે કોઈને મદદરુપ થવું તે ફક્ત કર્તવ્ય જ નથી, પણ કોઈને મદદ કરવાની સ્થિતિમાં હોવું તે માનવીને ઈશ્વર તરફથી મળેલું એ મોટું સન્માન છે.

આપણે કયાં જન્મ લઈએ છીએ તે આપણા હાથમાં નથી પણ આપણને મળેલી જિંદગીનો કેવો ઉપયોગ કરવો તે ચોક્કસ આપણા હાથમાં છે. કોઈના જીવનમાં થોડી સગવડ, થોડો આનંદ ઉમેરી શકવા જેટલી ધન્યતા બીજા કશામાં નથી. અને તે એટલું અઘરું પણ નથી.

આજુબાજુમાં રહેલા જરુરતમંદ કોઈ એકને મદ કરી નાની શરુઆત કરી શકાય છે.

- તારો પિતા

પિતા દ્વારા પોતાની દીકરીને લખેલા પત્રમાં થોડામાંથી થોડું આપવાની દાન કરવાની વૃત્તિને પોંખવામાં આવી છે.

"બીજાને પરાયા માનવા અને તેમની ગરીબી તરફ આંખ આડા કાન કરવા તે સૌથી મોટી હિંસા છે. જયાં સુધી આર્થિક અસમાનતા ચાલુ રહેશે ત્યાં સુધી હિંસાનો અંત નહીં આવે." આ શબ્દો એ મોહનદાસ કરમચંદ ગાંધીના ભારતમાં ગરીબો અને શ્રીમંતો વચ્ચો મોટી ખાઈ વધતી જાય છે. પશ્ચિમમાં અનેક અને ભારતમાં કેટલાક શ્રીમંતો મોટાં દાન કરીને એક સમૃદ્ધ પરંપરા સ્થાપી રહ્યા છે. ગાંધીજીએ શ્રીમંતોને પોતાની સંપત્તિના માલિક નહીં પણ ટ્રસ્ટી થઈને રહેવાનો એન તેનો સદુપયોગ કરવાનો ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત આપેલો.

આજે યુરોપ-અમેરિકામાં અને હવે ભારતમાં પણ ઘણાં બધાં બુદ્ધિમાનો સ્ટેટસ, પૈસા, કીર્તિ અને કારકિર્દી પાછળની દોડથી કંટાળી ગયા છે અને સાદું, અર્થપૂર્ણ જીવન ઈચ્છે છે. તેનું જ્વલંત ઉદાહરણ ઓસ્કાર વિજેતા અભિનેત્રી ગાયનેથ પેલ્ટ્રોએ પૂરું પાડ્યું છે. વિદેશમાં સ્થિર થયેલા ભારતીયોમાંના ઘણાં ભારતમાં પાછા આવીને તે વિસ્તારોમાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ અને સેવા કાર્યો કરી રહ્યાં છે.



ગીતામાં સર્વધર્મની વાત છે. માનવીના જીવન પર સમાજ અને સમગ્ર સૃષ્ટિનું ઋણ છે. જે કંઇ મેળવેલું છે તેમાંથી સમાજમાં પાછું વાળવું તે જ સાચો સ્વધર્મ. આ ધર્મનું પાલન નથી થતું તેથી જ ગરીબી અને પર્યાવરણના અનેક પ્રશ્નો ઊભા થાય છે. સૃષ્ટિ અને સમાજ પાસેથી જે કંઇ મેળવ્યું છે તેને યત્કિંચિંત પાછું વાળવું દરેક મનુષ્યની ફરજ છે.

"વી ગેવ અને અ ફોર્ચ્યુન" ના લેખક ક્રિસ્ટોફર મોગિલ નોંધે છે કે માનવતાના તેમજ પૃથ્વીના એક અંશ રુપે એક યથાર્થ તેમજ સન્માનીય જીવન કેવી રીતે જીવવું તેની સાથી સમજ મને પ્રાપ્ત થઈ છે. જરૂરિયાતમંદોને મદદ કરવાથી કંઈક કર્તવ્ય નિભાવ્યાનો આનંદ વ્યક્ત કરું છું. હું જીવનને વધુ સમૃદ્ધ અને સાર્થક બનાવ્યાની સુખદ લાગણી અનુભવું છું.

મહાત્મા ગાંધીએ આ સંદર્ભે સુંદર વાતો કરી છે. તેઓ નોંધે છે કે આ પૃથ્વી પર તમામ રહેવાસીઓને જરૂરિયાત પૂરી થઈ શકે તેટલા સંશાધનો છે. પણ એક વ્યક્તિની મહત્ત્વાકાંક્ષાને, લાલચને, પૂરી કરી શકે તેટલાં સંશાધનો નથી. બાપુએ તદ્દન સાચી વાત કરી. જો મનુષ્ય પોતાની જરૂરિયાત પૂરતું જ વાપરે તો પૃથ્વી પર તમામ માટે બધું છે. પણ મનુષ્યના લોભ ને થોભ નથી. વાપરી ન શકાય તેટલું ધન જો તેની પાસે હોય તોય હજી તેને વધુ ને વધુ મેળવવાની લાલચ રહે છે. પરિણામે અમુક લોકોના હાથમાં એટલી બધી સંપત્તિ એકઠી થઈ ગઈ છે કે બાકીના લોકો જીવન જરૂરિયાતની વસ્તુથી પણ વંચિત રહે છે.

સંપત્તિનું આવું અસમાન વિતરણ અનેક વિઘાતક પરિણામો લાવે છે. આવા વિચારથી દુનિયાના ઘણા શ્રીમંત સજ્જનો પોતાની સંપત્તિનું દાન કરતાં હોય છે. અને વંચિત તથા ગરીબ લોકોને મદદ કરવાની કોશિશ કરતાં હોય છે. વ્યક્તિ દાન કરવા પ્રેરાય તેની પાછળ ભાવનાનું બળ જરુર હોય છે. પણ દાનનો યોગ્ય અને ન્યાયી તેમજ દીર્ઘજીવી પ્રભાવ રહે તેવું કરવા માટે દાનની પ્રક્રિયામાં એક વિચાર, એક પદ્ધતિ હોવી જરુરી બની જાય છે.

અહીં આલ્બર્ટ આઈનસ્ટાઈનનું વિધાન નોંધવા જેવું છે. તે કહે છે, "રોજ સો વખત હું મારી જાતને યાદ અપાવું છું કે મને જે મળ્યું છે તે અને હમણાં જે મળે છે તેની પાછળ અનેક માનવીઓનો પરિશ્રમ રહેલો છે. મેં જે મેળવ્યું છે તેનો ફાયદો મારા માવનબંધુઓને થાય તો જ મારું જીવન સાર્થક થયું ગણાય. તેથી મારું કર્તવ્ય છે કે મને જેટલા પ્રમાણમાં મળેલ છે અને મળી રહ્યું છે, તેને પૈસા અથવા બીજી કોઈ પણ રીતે પાછું આપવું જોઈએ."

સંપત્તિ આપણા ચહેરા પર જે મહોરું ચોંટાડી દે છે તેને ફગાવી દેવાથી હળવા ફુલ થઈ જવાય છે અને સ્વની દિશામાં આગળ વધી શકાય છે. અન્ય સાથે કામ કરવાની ક્ષમતા અને પોતાની અસરકારકતાથી પ્રાપ્ત થતી આ સત્તા દુન્યવી સત્તાઓ કરતાં ઊંચી છે. નાણાંનો અતિરેક આપણને મિત્રો અને સત્યથી દૂર લઈ જાય છે. તેથી સ્પષ્ટ બની વિશ્વાસ કેળવી સ્વાવલંબી બનીએ, વાંચીએ, વિચારીએ. નાણાં કદી વૃદ્ધાવસ્થાને દૂર ઠેલી શકતા નથી કે મૃત્યુ ઉગારી શકતા નથી. આપણને બચાવે છે પરમાર્થ અને પરિવર્તનનો આધ્યાત્મિક સ્વીકાર.

નારાયણમૂર્તિ અને સુધામૂર્તિ આ દંપત્તિ દાન કરનારાઓનું પ્રશંસક છે. બિલ ગેટ્સ અને તેમની પત્નીને અઠ્યાવીસ અબજ ડોલરનું દાન કર્યું. અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનમાં આઠસો લોકો કામ કરે છે. તેમણએ બે અબજ ડોલરનું દાન કર્યું છે. આ વિશ્વની વસતી પ્રત્યેક વ્યક્તિ ફૂલ નહિ ફૂલની પાંખડી દાન આપે જ છે. દાનનો મહિમા કર્ણના ભારતમાં સમજાવવાનો ન હોય. મારી આવકમાં અન્ય પણ પરોક્ષ રીતે ભાગીદાર છે એવી સમજ દાન આપનારમાં હોય એ અગત્યનું છે!

**મિસરી**

પાની બાઢે નાવ મેં ઘર બાઢે દામ
દોનોં હાથ ઉલેચિયે યહીં સજ્જન કો કામ.
(સંત કબીર)
(sms- જીતુભાઈ એન.શાહ, અમદાવાદ)